## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ડેડી...ઓછા પસર્ન્ટેજ આવ્યા છે... મને જોબ અપાવવી હોય તો... તમે આપણાં બધાં જ્ઞાતીવાળાને ભેગા કરી અનામત આંદોલન ચાલુ કરી જ દો...!!

# વિરાતલાવડીમાં વધુ ૧૮ કેસ ઝાડા-ઉલ્ટીના મળ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના વિરાતલાવડી ગામે આજે પણ વધુ ૧૮ કેસ ઝાડા-ઉલ્ટીના મળી આવતાં આરોગ્ય તંત્રએ ત્યાં ધામા નાખ્યા છે અને ગામના સરપંચને નોટીસ ફટકારી તાત્કાલિક પાણીના લિકેજીસ દુરસ્ત કરાવવા કડક તાકીદ કરી છે.

મળતી વિગતો પ્રમાણે વિરાતલાવડી ગામે ગઈકાલે નોંધાયેલા ૩૦ ઝાડા-ઉલ્ટીના કેસ બાદ આજે વધુ ૧૮ કેસ મળી આવ્યા છે. હરકતમાં આવેલા આરોગ્ય તંત્રએ પંચાયતને લિકેજીસ દૂર કરાવવા માટે કડક તાકીદ કરી છે.

ગામમાંથી લેવાયેલા પાણીના નમુનાની ગુણવત્તા અંગે તેમજ સ્કૂલના જે નમુના મોકલવામાં આવ્યા છે તેના અહેવાલની આરોગ્યતંત્ર રાહ જોઈ રહેલ છે.

ગામમાં લિકવીડ ક્લોરીનેશન પ્લાન્ટ હોવા છતાં તેની નિભાવણીનો ખર્ચ વધુ આવતો હોવાથી પાણીનું ક્લોરીનેશન પણ કરવામાં આવતુ ન હોવાની વાતો બહાર આવવા પામી છે. જો કે આ વાતને સત્તાવાર સમર્થન મળતુ નથી.

બીજી તરફ આજે નોંધાયેલ વધુ ૧૮ કેસ પૈકી એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. જિલ્લાના આરોગ્ય સત્તાવાળાઓએ ત્યાં ડેરા તંબુ તાણી અને સઘન સર્વેલન્સ કરાવી રહ્યા છે.

આજે પણ ગામમાં પેયજળનો પુરવઠો ટેન્કર દ્વારા પુરો પાડવામાં આવ્યો હતો. પાણીના લિકેજીસ બુધવાર સાંજ સુધીમાં દુરસ્ત થઈ જશે તેમ જાણવા મળી રહેલ છે.

# ગુજરાતમાં લૂંટ, ધાડ, ચોરીના ૩૩ ટકા બનાવ બન્યા : વાઘેલા

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજરોજ પત્રકારો સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાતના વિકાસ મોડેલની કલ્પના લગભગ વર્ષ ૨૦૦૧થી શરૂ થયેલી. પોતાની લોકપ્રિયતા અને પ્રસિદ્ધિ માટે આંતકવાદીઓ મુખ્યમંત્રી પર હુમલા કરવા આવે છે, એવી વાતો જે તે વખતે ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવતી હતી. એ વખથના મુખ્યમંત્રીએ ૨૩ જેટલા એન્કાઉન્ટર કરીને, હીટલરના શાસનમાં જે હુકર્મો થતાં હતા, એવા હુકર્મો ગુજરાતની ભાજપ સરકારે કરેલા. પરિણામે આખા દેશમાં ગુજરાત પહેલું એવું રાજય હતું કે, રાજયના સીનીયર આઈપીએસ ઓફિસરો જેલમાં હતા અને ગૃહ મંત્રી તડીપાર હતા. એનો અર્થ એ થાય કે, એ વખતના કરોડરજ્જુ વગરના જીહજુરીયા અધિકારીઓ પછી એ આઈએએસ હોય કે આઈપીએસ હોય, તેમને તો ગુજરાતની પ્રજાનું જે થવું હોય તે થાય, તેમનું તરભાણુ ભરાય, એવી જીહપુરી કરવાના કારણે ગુજરાતને દેશ અને દુનિયામાં બદનામ કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. પરિણામે આજના ભાજપના ઓલ ઈન્ડિયાના અધ્યક્ષ કે જેમને પોલીસ ખાતાના અધિકારીઓએ અંદર કરેલા અને ગુજરાતની કોર્ટોએ તડીપાર, કરેલા આવા ભાજપ સરકારના ગુજરાત મોડેલના વરવા દાખલ દાખલા છે.

**ગુજરાતમાં ગૃહ વિભાગનું ૩૩ ટકા મહેકમ ખાલી : દેશમાં અધિકારી-કર્મીઓની આટલી જગ્યાઓ ક્યાંય ખાલી નથી**

પોલીસતંત્રના આવા ઉપયોગને કારણે ગુજરાતમાં ખુન અને અપહરણના બનાવો રોજના સરેરાશ ૨ થી ૩ જેટલા બની રહ્યા છે. પોલીસતંત્રના આવા ઉપયોગને કારણે ગુજરાતમાં ખુન અને અપહરણના બનાવો બનતા રહે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આંકડા મુજબ, આખા દેશમાં ખુનના બનાવોનો રેશીયો જોઈએ તો ૬૪% ઉત્તર, પ્રદેશમાં ૩૨% બિહાર કે જેને ભાજપ સરકાર જંગલરાજ સાથે સરખાવવામાં પાછી પાની કરતી નથી ત્યાં ૪૧% અને તેની સામે જંગલરાજ જેવા ગુજરાતમાં ૭૨% આ રેશીયો રહ્યો છે. અપહરણ અને બળાત્કારનો રેશીયો જોઈએ તો આખા દેશમાં ૮૬%, બિહારમાં ૪૭%, પશ્ચિમ બંગાળમાં ૪૧% તેની સામે ગુજરાતમાં સૌથી ઉંચો ૯૦.૬% છે, શું આ જ છે ગુજરાત મોડેલ. વાઘેલાએ જણાવ્યું હતું કે, એટલું જ નહીં, લૂંટ, ઘાડ અને ચોરીના બનાવોની વાત કરીએ તો, આખા દેશમાં ૪૧% બિહારમાં ૨૯%, ઉત્તર પ્રદેશમાં ૨૮%, જ્યારે ગુજરાતમાં ૩૩% બનાવો બને છે. મહિલાઓ સામેનો ક્રાઈમ રેશીયો જોઈએ તો દેશમાં ૫૪%, બિહારમાં ૩૧%, ઉત્તારાખંડમાં ૨૭%, જયારે ગુજરાતમાં આ રેશિયો ૩૭% રહ્યો છે. બાળકો સામેના ક્રાઈમની વાત કરીએ તો આખા દેશમાં ૧૮%, બિહારમાં ૫%, ઝારખંડમાં ૩% અને ગુજરાતમાં ૧૫.૬% છે. અનુસુચિત જાતિના લોકો પરના અત્યાચારોનો ક્રાઈમ રેશીયો દેશમાં ૨૩%, ઝારખંડમાં ૨૨%, ઉત્તર પ્રદેશમાં ૧૯% અને ગુજરાતમાં ૨૭.૭% રહ્યો છે. આઈપીસી હેઠળના કેસોનો રેશીયો જોઈએ તો આખા દેશનો ઓવરઓલ રેશીયો ૭૯% રહ્યો, તેની સામે ગુજરાતમાં ૮૭% ઉચો ગુનાઓનો જે રેશીયો છે, એ આ ગુજરાતના કહેવાતા વિકાસ મોડલનો છે. તેનું મૂળ કારણ ભાજપ સરકાર આઈએએસ કે આઈપીએસ અધિકારીઓ અને તંત્રનો દુરુપયોગ કરે છે તે છે. વાઘેલાએ જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં ગૃહ વિભાગનું ૩૩% જેટલું મહેકમ ખાલી છે. આખા દેશમાં ગૃહ વિભાગમાં અધિકારી કર્મચારીઓની આટલી બધી જગ્યાઓ ક્યાંય ખાલી નથી.

આ સરકાર અને ગૃહ વિભાગ ચાર્જમાં જ ચાલે છે. જે તે વખતના ઉચ્ચ પોલીસ અધિકારી જુલિયો રીબેલો કે જેઓ ગુજરાતમાં લો એન્ડ ઓર્ડર મેઈન્ટેન કરવામાં હીરો બનેલા એવા અધિકારીએ પીઆઈએલ કરી એમ કહેવું પડયું હતું કે, ગુજરાત સરકારનો વહીવટ બરાબર ચાલતો નથી.

ગુજરાતના ડીજી જેવા અધિકારી ભાજપ સરકારને પોતાને પસંદ ન હોય, તેમને લાત મારીને કાઢી મુકવા અને ગુજરાતના પોલીસ વડા પણ આજે ઈન્ચાર્જ છે. અધિક પોલીસ મહાનિદેશક પણ ઈન્ચાર્જ, અધિક પોલીસ મહાનિદેશક એ પણ ચાર્જમાં, અધિક પોલીસ મહાનિદેશક એ પણ ચાર્જમાં જ. આમ,આખું તંત્ર ચાર્જમાં ચાલતુ હોવાથી કોઈનો વહીવટ પર અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર કોઈ કંટ્રોલ રહ્યો નથી, જેના કારણે ગુજરાત આજે નધણિયાતું બની ગયું છે. ગુજરાતની પરિસ્થિતિ બિહાર કરતાં પણ બદતર થઈ ગઈ છે. ગુજરાતમાં જંગલરાજ પ્રર્વતી રહ્યું છે. જેના આંકડા ઉપર આપ્યા છે. આવા ગુજરાત મોડેલથી ભગવાન બચાવે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર તાલુકાના વિરાતલાવડી ગામે થયેલા ઝાડા-ઉલ્ટીના કેસોને પગલે આજે સિવિલની રેપીડ-રિસપોન્સ ટીમ મુલાકાતે જનાર છે.

● કલોલ તાલુકાના મોખાસણ ગામના સરપંચને હોદ્દા પરથી દૂર કરવાનો હૂકમ જિલ્લા વિકાસ અધિકારીએ કર્યો છે.

● ગાંધીનગર શહેરમાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ અપેક્ષાઓ કરતાં ઓછુ આવતાં વાલીઓમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

● આજે સ્વર્ણિમ સંકુલમાં પરિણામ જાહેર કરતાં પૂર્વે મા.શિ. બોર્ડ દ્વારા મંત્રીશ્રીઓના સ્વાગત માટે બુકે લવાયા હતા પરંતુ મંત્રીશ્રી ચુડાસમાએ આવી ઔપચારિકતા ના હોય તેમ જણાવતાં સ્વાગતવિધિ બંધ રખાઈ હતી.

● ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સૌથી ઓછુ પરિણામ કેમેસ્ટ્રી વિષયનું આવ્યું છે.

● ત્રણ વિષયમાં અનુત્તીણ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧,૬૬૬ છે. જ્યારે છ વિષયમાં અનુત્તીણ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૫૮ છે.

● ગાંધીનગર શહેરમાં આજે તાપમાનનો પારો વિક્રમી નોંધાયો છે. ૪૫ ડિગ્રી તાપમાન થતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

# ગુજકેટ પરિણામ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જેની સાથે સાથે ગુજકેટ ૨૦૧૬નું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું છે. પર્સન્ટાઈલ રેંક નીચે મુજબ છે.

| પર્સન્ટાઈલ રેન્ક | બી ગ્રુપ વિદ્યાર્થી |
| --- | --- |
| ૯૯થી વધુ | ૬૭૩ |
| ૯૮થી વધુ | ૧૩૭૦ |
| ૯૬થી વધુ | ૨૭૧૮ |
| ૯૨થી વધુ | ૫૪૨૬ |
| ૯૦થી વધુ | ૬૮૧૯ |
| ૮૫થી વધુ | ૧૦૧૨૭ |
| ૮૦થી વધુ | ૧૩૪૯૭ |
| ૭૫થી વધુ | ૧૬૮૭૭ |
| ૭૦થી વધુ | ૨૦૩૧૧ |
| ૬૫થી વધુ | ૨૩૬૩૯ |
| ૫૦થી વધુ | ૩૩૭૮૯ |
| ૪૦થી વધુ | ૪૦૭૯૫ |
| ૩૦થી વધુ | ૪૮૦૩૩ |
| ૨૦થી વધુ | ૫૪૨૫૫ |
| ૦૦થી વધુ | ૬૭૫૦૧ |




## રાહદારીઓને ગરમીમાં મફત છાશ પીવડાવવાનું સત્કાર્ય

સૂરજદાદા રોષે ભરાયા હોય તેમ દરરોજ તેમની ડિગ્રી વધારતા જાય છે અને નગરજનોને તેમના તાપથી ત્રાહિમામ પોકારાવી રહ્યાં છે. માત્ર આકરી નહી પરંતુ હવે તદન અસહ્ય બની રહેલ ગરમીમાં નાગરિકોને શરીરમાં પાણીની માત્રા ખૂટી જવાથી ડીહાઈડ્રેશનની તકલીફો જોવા મળી રહી છે. આ સંજોગોમાં 'છાશ' એ ઉનાળાના અમૃત સમુ પીણું સાબિત થઈ રહ્યું છે. છાશ પીવાથી બળબળતા તાપમાં શરીરની પ્રવાહિતા જાળવવી સરળ પડે છે. આવા ઉનાળામાં કોઈને છાશ પીવડાવવી એ ઘણું પુણ્યનું કામ ગણાય છે. ગાંધીનગરના અતિ વ્યસ્ત એવા પથિકાશ્રમ એસટી ડેપો સર્કલે આવેલ વાડીલાલ આઈસ્ક્રીમ પાર્લરના માલિક વસંતભાઈ પટેલ દ્વારા આજે સવારે ૧૦ વાગ્યાથી તમામ રાહદારીઓ તથા મુસાફરોને નિઃશુલ્ક છાશ પીવડાવવાનો સેવા યજ્ઞ હાથ ધરાયો હતો. આ સેવા કાર્યમાં તેમને વિષ્ણુ દેસાઈ, સુરેશ ચૌધરી તથા મુકેશ પટેલ ઉર્ફે ટીનાભાઈનો સહકાર પ્રાપ્ત થયો હતો. છાશ પીને આગ ઓકતી ગરમીમાં તૃપ્ત થયેલા નગરજનોએ આ સેવા કાર્યને બિરદાવ્યું હતું.

# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૨૩૮૦ વિદ્યાર્થીઓનું પરિણામ રોકી દેવાયું

## ગેરરીતિ આચરતા ઝડપાયેલા ૮૯ના પરિણામ અનામત કોપી કેસના ૧૬ વિદ્યાર્થીઓને સુનાવણી બાદ સજા થઈ

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આજે ૨૩૮૦ જેટલા વિદ્યાર્થીઓનું પરિણામ રોકી દેવામાં આવ્યું છે. કોઈપણ પ્રકારના સંજોગોમાં અથવા તો એક અથવા વધુ સેમેસ્ટરમાં તે વિષયમાં ગેરહાજર રહ્યા હોય તેવા ૨૩૮૦ વિદ્યાર્થીઓનું પરિણામ રોકવામાં આવ્યું છે. બીજી બાજુ ગેરરીતિમાં પકડાયેલા વિદ્યાર્થીઓના મામલામાં પણ પરિણામ રોકી દેવામાં આવ્યા છે. પરીક્ષા ખંડમાં રેકોર્ડ થયેલી સીડીના ફુટેજ જિલ્લા મથકે બનાવેલી ટીમ દ્વારા જોવામાં આવ્યા બાદ પરીક્ષાર્થીઓ ગેરરીતિ આચરતા દર્શાવયા હતા તેવા વિદ્યાર્થીઓના પરિણામ પણ ટીમના અહેવાલના આધાર પર રોકી દેવામાં આવ્યા છે. આવા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૯ છે. આ ઉપરાંત પરીક્ષા ખંડમાં કોપી કેસ થયા છે તેવા ૧૬ ઉમેદવારોને સુનાવણીના અંતે સજા કરવામાં આવી છે.

કુલ ૧૦૫ વિદ્યાર્થીઓના પરિણામ રિઝર્વ રાખવામાં આવ્યા છે. અથવા તો તેના પરિણામ જાહેર કરવામાં આવ્યા નથી. આવા વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા સમિતિ દ્વારા સુનાવણી કરવામાં આવ્યા બાદ જરૂરી તપાસ કરાશે. તેમના ગુણદોષના આધારે નિર્ણય લેવામાં આવશે. આ વર્ષે સીસીટીવી કેમેરા ને ટેબ્લેટના ફુટેજના આધાર પર કામગીરી હાથ ધરાઈ હતી જેનો સીધો ફાયદો થયો છે અને કેસોની સંખ્યા ઘટી છે. ગેરરીતિના કેસો વર્ષ ૨૦૧૫માં ૨૧૪ નોંધાયા હતા જેની સામે માર્ચ ૨૦૧૬માં લેવામાં આવેલી પરીક્ષામાં ૧૦૫ ગેરરીતિના કેસ નોંધાયા છે.

## વિશ્વકપ ટેબલ ટેનિસ સ્પર્ધા માટે સ્પેન જતા દિવ્યાબેન પંડ્યા



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા અને હાલ પ્રતિનિયુક્તી પર મનોરંજન કર કમિશનરમાં સેવાઓ આપતાં દિવ્યાબેન પંડ્યાની વેટરર્નસ ટેબલ ટેનિસ વિશ્વ કપ સ્પર્ધામાં ભાગ લેવા સ્પેન જઈ રહ્યા છે. શ્રીમતિ દિવ્યાબેન પંડ્યા રાજ્યકક્ષાએ પણ ટેબલ ટેનિસના સારા ખેલાડી તરીકેની નામના ધરાવે છે. તેમની પસંદગી વિશ્વ કપ સ્પર્ધા માટે થતાં જિલ્લા તંત્રમાં ખુશીનો માહોલ છવાયો છે.

## ડૉ. વર્ષા પારેખ રાષ્ટ્રપતિ ભવન ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

દેશની રાજધાની નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં તા. ૨૧ મે થી ૨૭ મે સુધી આયોજિત 'ઈન



રેસિડન્સ પ્રોગ્રામ ફોર ધ એવોર્ડ વિનીંગ ઈન્સ્પાર્ડ ટીચર્સ' કાર્યક્રમમાં ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસની એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમના એવોર્ડ વિજેતા શિક્ષિકા ડૉ. વર્ષાબેન પારેખ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર છે. સમગ્ર ગુજરાત રાજયમાંથી તેમની પસંદગી થતા સર્વ વિદ્યાલય સંકુલમાં હર્ષની લાગણી છવાઈ છે સાથે શુભકામનાઓની વર્ષા થઈ રહી છે.

